# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ

સા વિદ્યા યા વિમુક્તયે

સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

પ્રથમ વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

## [સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ- ૧૦

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંચરા. હાલ : ઘાટકોપર**

# સૂત્ર - વિધિ અને રહસ્ય

## ઈરિયાવહી (ઈર્યાપથિકી) સૂત્ર

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ...!**
**ઈરિયાવહિયં પડિક્કમામિ... ? ઈચ્છં.**
**ઈચ્છામિ પડિક્કમિઉં...** ૧
**ઈરિયાવહિયાએ વિરાહણાએ...** ૨
**ગમણાગમણે....** ૩
**પાણ-ક્કમણે, બીય-ક્કમણે, હરિય-ક્કમણે,**

**ઓસાઉત્તિંગ, પણગ-દગ મટ્ટી-મક્કડા**
**સંતાણા-સંક્મણે... ૪**
**જે મે જીવા વિરાહિયા.... ૫**
**એગિંદિયા, બે ઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા,**
**પંચિંદિયા.... ૬**
**અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા,**
**સંઘટ્ટિયા. પરિયાવિયા, કિલામિયા, ઉદ્‌વિયા,**
**ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ,**
**વવરોવિયા તસ્સ મિચ્છામિદુક્કડં... ૭**

શબ્દાર્થ :-

**ઈચ્છાકારેણ :** સ્વઇચ્છાથી
**સંદિસહ :** આજ્ઞા આપો...!
**ભગવન્ :** હે ભગવન્ ! હે પૂજ્ય.
**ઈરિયાવહિયં :** જવા આવવાની ક્રિયાને.
**પડિક્કમામિ :** હું પાછો ફરૂં છું.
**ઇચ્છં :** પ્રમાણે છે.
**ઇચ્છામિ :** હું ઇચ્છું છું.
**પડિક્કમિઉં :** પ્રતિક્રમવાને મુકત થવાને.
**ઈરિયાવહિયાએ :** જતાં આવતાં થયેલ.
**વિરાહણાએ :** વિરાધનાથી
**ગમણાગમણે :** જતાં-આવતાં
**પાણક્કમણે :** પ્રાણીઓ ચાંપતા-પ્રાણીઓ ચંપાયા હોય
**બીય-ક્કમણે :** બીજને ચાંપતા
**હરિય-ક્કમણે :** લીલી વનસ્પતિ ચાંપતા.
**ઓસા :** ઝાકળ-ઠાર
**ઉત્તિંગ :** કીડીઓનાં દર કીડિયારું
**પણગ :** પાંચ વર્ણની નીલફૂલ સેવાલ
**દગ-મટ્ટી :** કાચું પાણી માટી. (બન્નેના ભેગા અર્થમાં) કાદવ.
**મક્કડા સંતાણા :** કરોળિયાની જાળ
**સંકમણે :** પગે ચાંપતાં.
**જે મે :** જે કોઇ મારાથી
**જીવા :** જીવો
**વિરાહિયા :** વિરાધાયા હોય - દુઃખ પામ્યા હોય.
**એગિંદિયા :** એક ઇંદ્રિયવાળા જીવો
**બેઇંદિયા :** બે ઇંદ્રિયવાળા જીવો
**તેઇંદિયા :** ત્રણ ઇંદ્રિયવાળાજીવો
**ચઉરિંદિયા :** ચાર ઇદ્રિયવાળા જીવો
**પંદિદિયા :** પાંચ ઇદ્રિયવાળા જીવો
**અભિહયા :** લાતે માર્યા હોય
**વત્તિયા :** ધૂળવડે ઢાક્યા હોય
**લસિયા :** જમીન સાથે ઘસ્યા હોય
**સંઘાઇયા :** માંહોમાહે એક બીજના શરીરને મેળવ્યા હોય.
**સંઘટ્ટિયા:** થોડો સ્પર્શ કરાવ્યો હોય.
**પરિયાવિયા :** દુઃખ ઉપજાવ્યું હોય.
**કિલામિયા :** ખેદ પમાડ્યા હોય.
**ઉદ્‌વિયા :** ત્રાસ પમાડ્યા હોય. બીવરાવ્યા હોય.
**ઠાણાઓ ઠાણં :** એક સ્થાનથી બીજા સ્થાને.
**સંકામિયા :** મૂક્યા હોય ફેરવ્યા હોય.
**જીવાયાઓ :** જીવિતથી -જીવનથી
**વવરોવિયા :** છૂટા કર્યા- મારી નાંખ્યા હોય.
**તસ્સ :** તેનું
**મિચ્છા મિ :** મિથ્યા થાઓ નિષ્ફળ થાઓ મારૂં
**દુક્કડં :** પાપ

**અર્થ :–** હે પૂજ્ય...! સ્વઇચ્છાથી મને આજ્ઞા આપો કે હું જવા આવવાની ક્રિયાથી લાગેલાં પાપથી પાછો ફરૂં. (અહીં ગુરુ કહે ''પડિક્કમેહ'' –તું પાપથી પાછો હઠ. ત્યારે શિષ્ય કહે) આપની આજ્ઞા પ્રમાણે છે. હું પાપથી પાછો હટવાને – મુક્ત થવાને ઇચ્છું છું...**૧**

જવા આવવાના માર્ગમાં થયેલ વિરાધનાથી, ૨. એક સ્થાનેથીબીજે સ્થાને જવામાં આવવામાં, ૩. પ્રાણી ચાંપતા, બીજ ચાંપતાં, લીલી વનસ્પતિ ચાંપતાં, ઝાકળ અને કીડીઓનાં દર, પાંચ જાતની નીલફૂગ – સેવાળ અને કાચું પાણી અને માટી (બન્નેનાં ભેગાં અર્થમાં કાદવ) તથા કરોળિયાની જાળને પગે ચાંપતા તેના ઉપર થઇને જતાં, ૪. જે કોઇ જીવો મારાથી વિરાધાયા હોય – મારથી દુઃખ પામ્યા હોય, ૫.પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિ વગેરે એક ઇંદ્રિયવાળા જીવો, શંખ, કોડી, જળો, પોશ, અળસિયા વગેરે બે ઇંદ્રિયવાળા જીવો. કીડી, મંકોડા, ઇયળ, માંકડ, કુંથુંઆ વગેરે ત્રણ ઇંદ્રિયવાળા જીવો. માખી, ભમરા, ડાંસ, મચ્છર, વીંછી વગેરે ચાર ઇંદ્રિયવાળા જીવો. દેવ, મનુષ્ય તિર્યંચ અને નારકી વગેરે પાંચ ઇંદ્રિયવાળા જીવો ૬. લાતે માર્યા હોય, ધૂળ વડે ઢાંક્યા હોય, જમીન સાથે ઘસ્યા હોય, માંહેમાહે એક બીજાના શરીરને મેળવ્યા હોય, થોડો સ્પર્શ કરાવ્યો હોય, દુઃખ ઉપજાવ્યું હોય, ખેદ પમાડ્યો હોય, ત્રાસ પમાડ્યો હોય, એક સ્થાનેથી બીજે સ્થાને ફેરવ્યા હોય, જીવનથી છૂટા કર્યા – મારી નાંખ્યા હોય, તે મારુ પાપાચરણ મિથ્યા થાઓ– નિષ્ફળ જાઓ.

આ સૂત્રથી જવા આવવાની ક્રિયા કરતાં જીવોની જે વિરાધના થઇ હોય તેનું પ્રતિક્રમણ કરાય છે. તેથી સામાયિક પ્રતિક્રમણ દેવવંદન પ્રતોચ્ચારાદિ પ્રસંગે આ સૂત્રનો ઉપયોગ કરાય છે. નાનામાં નાની જીવવિરાધનાને દુષ્કૃત સમજી તે માટે દિલગીર થવું એ આ સૂત્રનું પ્રધાન સૂર છે. મિચ્છા મિદુક્કડં એ ત્રણ પદો પ્રતિક્રમણનું બીજ મનાય છે.

ઇરિયાવહીના ૧૮૨૪૧૨૦ ભેદોથી (ભાંગાથી) **મિચ્છા મિ દુક્કડં** દેવાય છે. તે નીચે પ્રમાણે છે. જીવોના ભેદ ૫૬૩ છે તેને **અભિહયા** પદથી **જીવિયાઓ વવરોવિયા** પદ સુધીના દશ પદથી ગણવું, તેને રાગ દ્વેષ એ બેથી ગણવું તેને કરવું કરાવવું અનુમોદવું એ ત્રણથી ગણવું તેને મન–વચન–કાયા એ ત્રણ યોગથી ગણવું, તેને ભૂત–વર્તમાન–ભવિષ્ય એ ત્રણ કાલથી ગણવું. તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ, આ એ છ સાક્ષીથી ગણવું એ રીતે ઉપરોક્ત ભાંગા થાય છે.

## તસ્સ (ઉત્તરીકરણ) સૂત્ર

**તસ્સ ઉત્તરીકરણેણં પાયચ્છિત્ત કરણેણં,**
**વિસોહી કરણેણં વિસલ્લીકરણેણં,**
**પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં.**

શબ્દાર્થ

**તસ્સ :** તેની
**ઉત્તરી :** ફરીથી શુદ્ધિ
**કરણેણં :** કરવા માટે
**પાયચ્છિત્ત :** પ્રાયશ્ચિત–પાપનું છેદન.
**વિસોહી :** વિશુદ્ધિ–વિશેષ શુદ્ધિ
**વિસલ્લી :** શલ્ય રહિત
**પાવાણં :** પાપ
**કમ્માણં :** કર્મોનો
**નિગ્ઘાયણટ્ઠાએ :** નાશ કરવા માટે.
**ઠામિ :** હું ઠાઉં છું – કરું છું.
**કાઉસ્સગ્ગં :** કાયોત્સર્ગને શરીરના વ્યાપારના ત્યાગને

અર્થ :– તેની (ઉપરનાં સૂત્રમાં લાગેલા પાપ સંબંધી) ફરીથીશુદ્ધિ કરવા માટે, પ્રાયશ્ચિત–પાપનું છેદન કરવા માટે, આત્માને વધારે શુદ્ધ કરવા માટે, શલ્ય રહિત કરવા માટે, પાપ કર્મોનો નાશ કરવા માટે, હું કાયોત્સર્ગ શરીરના વ્યાપારનો ત્યાગ કરું છું. ઈરિયાવહીના પ્રતિક્રમણથી સામાન્ય શુદ્ધિ થાય છે. કાઉસ્સગ્ગથી વિશેષ શુદ્ધિ થાય છે તેથી વિશેષ શુદ્ધિ માટે આ સૂત્ર બોલી કાઉસ્સગ્ગ કરવાનો નિર્ણય કરાય છે.

## અન્નત્થ (કાયોત્સર્ગ) સૂત્ર

**અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં,**
**છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં,**
**વાય-નિસગ્ગેણં, ભમલીએ, પિત્ત-મુચ્છાએ ૧.**
**સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં**
**સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. ૨.**
**એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ,**
**હુજ્જમે કાઉસ્સગ્ગો ૩.**
**જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં, ન પારેમિ, ૪.**
**તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં,**
**અપ્પાણં વોસિરામિ ૫.**

શબ્દાર્થ :–

**અન્નત્થ** : આ સિવાય બીજે
**ઊસસિએણં** : ઊંચો શ્વાસ લેવાથી
**નીસસિએણં** :શ્વાસ નીચો મૂકવાથી
**ખાસિએણં** : ઉધરસ આવવાથી
**છીએણં** : છીંક આવવાથી
**જંભાઈએણં** : બગાસું ખાવાથી
**ઉડ્ડુ એણં** : ઓડકાર આવવાથી
**વાયનિસગ્ગેણં** : વા–છૂટવાથી
**ભમલીએ** : ચક્કર આવવાથી
**પિત્તમુચ્છાએ** : પિત્ત પ્રકોપથી, મૂર્છા આવવાથી
**સુહુમેહિં** : સૂક્ષ્મ રીતે
**અંગ–સંચાલેહિં** : શરીર હાલવાથી
**ખેલ–સંચાલેહિં** : કફ–થૂંક ગળવાથી
**દિટ્ઠિ સંચાલેહિં** : દૃષ્ટિ ફેરવવાથી
**એવમાઈએહિં** : એ વગેરે
**આગારેહિં** : આગારોથી
**અભગ્ગો** : ભાંગલો નહિ તેવો
**અવિરાહિઓ** : ન વિરાધેલો
**હુજ્જ** : હોજો
**મે** : મારો
**કાઉસ્સગ્ગો** : કાયોત્સર્ગ
**જાવ** : જયાં સુધી
**અરિહંતાણં** : અરિહંત
**ભગવંતાણં** : ભગવાનના
**નમુક્કારેણં** : નમસ્કાર વડે
**ન પારેમિ** : પારું નહિ
**તાવ** : ત્યાં સુધી
**કાયં** : શરીરને
**ઠાણેણં** : સ્થાનવડે
**મોણેણં** : મૌનવડે
**ઝાણેણં** : ધ્યાન વડે
**અપ્પાણં** : મારી કાયાને, મારા શરીરીને, શરીરના વ્યાપારને
**વોસિરામિ** : વોસિરાવું છું. તજી દઉં છું.

**અર્થ :** બીજે બીજા નીચેના અપવાદ સિવાય ઉંચો શ્વાસ લેવાથી, શ્વાસ નીચે મૂકવાથી, ખાંસી આવવાથી, છીંક આવવાથી, બગાસું ખાવાથી, ઓડકાર આવવાથી, વા–છૂટ થવાથી, ચક્કર–ફેર આવવાથી, પિત્તના પ્રકોપથી મૂર્છા આવવાથી. ૧

સૂક્ષ્મ રીતે શરીરના અંગોનું સ્ફૂરણ થવાથી, સૂક્ષ્મ રીતે શરીરની અંદરના કફનો સંચાર થવાથી, સૂક્ષ્મ રીતે આંખની દૃષ્ટિ ફરકી જવાથી. ૨

ઇત્યાદિ આગારોથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ કે વિરાધના થાય નહિ તેવી સમજ સાથે કાયોત્સર્ગ હોજો. (ઇત્યાદિ શબ્દથી અહીં બીજા ચાર પ્રકારના આગારો ગ્રહણ કરવાની પરંપરા છે તે નીચે પ્રમાણે છે.

૧. અગ્નિ ફેલાતો આવીને સ્પર્શ કરે, ૨. શરીરનું છેદન અથવા પંચેન્દ્રિયવધ સામે થતો હોય. ૩. ચોર કે રાજા તરફથી ક્ષોભ કે અંતરાય થતાં. ૪. સર્પ દંશના કારણો હોય. આ ચાર કારણોથી બીજે સ્થાનકે જવું પડે તો પણ કાયોત્સર્ગ ભાંગતો નથી. ૩.

જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવા પડે અર્થાત્ **'નમો અરિહંતાણં'** પદ વડે પૂર્ણ કરું–પારું નહિ. ૪

ત્યાં સુધી શરીરને, સ્થિર ઉભા રહીને, વાણીથી મૌનપણું ધારણ કરીને, મનને ધ્યાનથી સ્થિર કરીને, મારી કાયાનું મમત્વ સંપૂર્ણ તજી દઉં છું. ૫.

અન્નત્થ સૂત્રમાં કાયોત્સર્ગના આગારો તથા સમય, સ્વરૂપ અને પ્રતિજ્ઞા જણાવેલ છે **'અન્નત્થ'**થી **'હુજ્જમે કાઉસ્સગ્ગો'** સુધી આગારો છે **'જાવ અરિહંતાણં'** થી **'ન પારેમિ તાવ'** સુધી સમય છે. **'કાય'**થી **'ઝાણેણં'** સુધી સ્વરૂપ અને **'અપ્પાણં વોસિરામિ'** એ પદોમાં કાયોત્સર્ગની પ્રતિજ્ઞા છે. આ સૂત્રથી આગારો પૂર્વક કાઉસ્સગ્ગ કરાય છે.

---

**૧. કાઉસ્સગ્ગને લગતા ૧૯ દોષો આ પ્રમાણે છે....**

૧. ઘોડાની પેઠે એક પગ ઉંચો રાખે, વાંકો રાખે તે **ઘોટક દોષ.** ૨. જેમ વાયરાથી વેલડી હાલે તેમ શરીરને ધૂણાવે તે **લતાદોષ.** ૩. થાંભલા પ્રમુખને ઓઠીંગણ દઇ રહે તે **સ્તંભાદિદોષ.** ૪. ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રહે તે **માલ દોષ.** ૫. ગાડાની ઉંધની પેઠે અંગૂઠા તથા પાની મેળવીને પગ રાખે તે **ઉધિ દોષ.** ૬. નિગડ (બેડી)માં પણ પગ નાખ્યાની પેઠે પગ પહોળા રાખે તે **નિગડ દોષ.** ૭. નગ્ન ભિલડીની પેઠે ગુહ્ય સ્થાને હાથ રાખે તે **શબરો દોષ.** ૮. ઘોડાના ચોકડાની પેઠે હાથ રજોહરણયુક્ત આગળ રાખે તે **ખલિણ દોષ.** ૯. નવપરણીત વધુની પેઠે માથું નીચું રાખે તે **વધુ દોષ.** ૧૦. નાભિની ઉપર અને ઢીંચણની નીચે લાંબુ વસ્ત્ર રાખે તે **લંબોત્તર દોષ.** ૧૧. ડાંસ મસાના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાયાદન કરી સ્ત્રીની પેઠે ઢાંકી રાખે તે **સ્તન દોષ.** ૧૨. શીતાદિકના ભયથી સાદવીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે તે **સંચતિ દોષ.** ૧૩. આલાવો ગણવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણવાને અંગુલી તથા પાંપણના ચાળા કરે તે **ભમુહંગુલી દોષ.** ૧૪. કાગડાની પેઠે ડોળા ફેરવે તે **વાયસ દોષ.** ૧૫. પહેરેલાં વસ્ત્ર યૂકા અથવા પ્રસ્વેદે કરી મલીન થવાના ભયથી કોંઠની પેરે ગોપવી રાખે તે **કપિત્થ દોષ.** ૧૬. યક્ષાવેશિતની પેરે માથું ધુણાવે તે **શિરઃકંપદોષ.** ૧૭. મુંગાની પેરે હું હું કરે તે – **મૂકદોષ.** ૧૮. આલાવો ગણતાં મદિરાની પેરે બડબડાટ કરે તે : **મદિરા દોષ.** ૧૯. વાનરની પેરે આસપાસ જોયા કરે, ઓષ્ટપુટ ચલાવે તે : **પ્રેક્ષ્ય દોષ.**

# લોગસ્સ સૂત્ર

## ચતુર્વિંશતિ- જિન - નામસ્તવઃ

**લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;**
**અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. ૧.**
**ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈંચ;**
**પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨.**
**સુવિહિં ચ પુષ્ફદંતં, સીઅલ-સિજ્જંસ, વાસુપૂજ્જં ચ;**
**વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩.**
**કુંથું અરં ચ મલ્લિં વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;**
**વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪.**
**એવં મએ અભિથુઆ, વિહુયરયમલા, પહીણજરમરણા,**
**ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મેં પસીયંતુ. ૫.**
**કિત્તિય-વંદિય-મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;**
**આરુગ્ગ-બોહિ-લાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬.**
**ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા;**
**સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.**

શબ્દાર્થ :–

**લોગસ્સ** : લોકના
**ઉજ્જોઅગરે** : પ્રકાશ કરનારાઓને
**ધમ્મ** : ધર્મરૂપી
**તિત્થયરે** : તીર્થના કરનારાઓને
**જિણે** : જિનોને
**અરિહંતે** : અરિહંતોને
**કિત્તઈસ્સં** : કીર્તન–સ્તુતિ કરીશ, સ્તવીશ.
**ચઉવિસંપિ કેવલી** : ચોવીશને અને બીજા પણ કેવલજ્ઞાનીઓને
**ઉસભં** : ઋષભદેવને
**અજિઅં** : અજિતનાથને
**ચઃ** અને
**વંદે** : વાંદુ છું.
**સંભવં** : સંભવનાથને
**અભિણંદણં** : અભિનંદન સ્વામીને
**સુમંઇ** : સુમતિનાથને
**પઉમપ્પહં** : પદ્મપ્રભુને
**સુપાસં** : સુપાર્શ્વનાથને
**જિણં** : જિનને
**ચંદપ્પહં** : ચંદ્રપ્રભુને
**વંદે** :વાંદુ છું.
**સુવિહિં** : સુવિધિનાથને
**પુપ્ફદંતં** : પુષ્પદંતને
**સીઅલ** : શીતલનાથને
**સિજ્જંસ** : શ્રેયાંસનાથને
**વાસુપૂજ્જં** : વાસુપૂજ્ય સ્વામીને
**વિમલં** : વિમલનાથને
**અણંતં** : અનંતનાથને
**જિણં** : જિનને
**ધમ્મં** : ધર્મનાથને
**સંતિં** : શાંતિનાથને
**વંદામિ** : વાંદુ છું.

**કુંથુ :** કુંથુનાથને
**અરં :** અરનાથને
**મલ્લિં :** મલ્લિનાથને
**વંદે :** વાંદુ છું.
**મુણિસુવ્વયં :** મુનિસુવ્રતસ્વામીને
**નમિજિણં :** નમિજિનને
**વંદામિ :** વાંદુ છું.
**રિટ્ઠનેમિં :** અરિષ્ટનેમિને –નેમનાથને
**પાસં :** પાર્શ્વનાથને
**તહ :** તથા
**વદ્ધમાણં :** વર્ધમાનસ્વામીને મહાવીરસ્વામીને
**એવં :** એવી રીતે
**મએ :** મેં મારા વડે
**અભિથુઆ :** (નામપૂર્વક) સ્તવાયા
**વિહુય :** દૂર કરનારા
**રયમલા :** કર્મરૂપી રજ અને મળને
**પહીણ :** ક્ષય કરનારા
**જરમરણા :** ઘડપણ અને મરણને
**ચઉવીસંપી :** ચોવીશે પણ
**જિણવરા :** જિનવરો – જિનોમાં શ્રેષ્ઠ
**તિત્થયરા :** તીર્થંકરો
**મે :** મારા ઉપર
**પસીયંતુ :** પ્રસન્ન થાઓ...!
**કિત્તિય :** સ્તવાયેલા
**વંદિય :** વંદાયેલા
**મહિયા :** પૂજાયેલા
**જે :** જે
**એ :** આ
**લોગસ્સ :** લોકને વિષે
**ઉત્તમા :** ઉત્તમ
**સિદ્ધા :** સિદ્ધ થયેલા
**આરુગ્ગ :** આરોગ્ય–કર્મરોગ રહિતપણું
**બોહિ :** સમ્યગ્દર્શનનો– બોધિબીજનો
**લાભં :** લાભ
**સમાહિવંર :** શ્રેષ્ઠ સમાધિ
**ઉત્તમં :** ઉત્તમ–સર્વોત્કૃષ્ટ
**દિંતુ :** આપો
**ચંદેસુ :** ચંદ્રોથી
**નિમ્મલયરા :** વધારે નિર્મળ
**આઇચ્ચેસુ :** સૂર્યોથી
**અહિયં :** અધિક
**પયાસયરા :** પ્રકાશ કરનારા
**સાગરવર :** શ્રેષ્ઠ સાગર સમુદ્ર જેવા
**ગંભીરા :** ગંભીર
**સિદ્ધા :** સિદ્ધો–સિદ્ધ પરમાત્માઓ
**સિદ્ધિં :** સિદ્ધિ
**મમ :** મને
**દિસંતુ :** આપો...!

અર્થ : ત્રણે લોકના પ્રકાશ કરનારાઓને, ધર્મરૂપી તીર્થના સ્થાપનારાઓને અને રાગ દ્વેષરૂપી કર્મશત્રુને જિતનારા જિનોને, અરિહંતોને અને બીજા પણ કેવલજ્ઞાનીઓને સ્તવીશ...**૧**

૧.ઋષભદેવ અને ૨. અજિતનાથને વાંદું છું. ૩. સંભવનાથને ૪. અભિનંદનસ્વામીને. ૫. સુમતિનાથને ૬.પદ્મપ્રભુને ૭. સુપાર્શ્વનાથને અને રાગદ્વેષના જિતનાર. ૮. ચંદ્રપ્રભુને વાંદું છું...**૨**

૯ સુવિધિનાથ (અથવા તેમનું બીજું નામ) પુષ્પદંતને, ૧૦. શીતલનાથને, ૧૧. શ્રેયાંસનાથને અને ૧૨. વાસુપૂજયસ્વામીને ૧૩. વિમલનાથને, ૧૪. અનંતનાથને અને રાગદ્વેષને જિતનાર ૧૫. ધર્મનાથને તથા ૧૬. શાંતિનાથને વાંદું છું....**૩**

૧૭. કુંથુંનાથને, ૧૮. અરનાથને અને ૧૯. મલ્લિનાથને ૨૦. મુનિસુવ્રતસ્વામીને તથા ૨૧.

નમિજિનને વાંદું છું. ૨૨. અરિષ્ટનેમિને–નેમિનાથને, ૨૩. પાર્શ્વનાથને તથા ૨૪. વર્ધમાન સ્વામીને–મહાવીર સ્વામીને વાંદું છું....૪

એ પ્રકારે મારાવડે નામપૂર્વક સ્તવેલા, જેમણે કર્મરૂપી રજ અને મળ દૂર કર્યા છે તેવા, તથા જન્મ, ઘડપણ અને મરણને ક્ષય કર્યા છે તેવા જિનોમાં જે શ્રેષ્ઠ છે તેવા તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ. !.૫.

નામપૂર્વક સ્તવાયેલા, વંદાયેલા, પૂજાયેલા, જે આ લોકને વિષે ઉત્તમ–શ્રેષ્ઠ સિદ્ધ થયેલા છે; તેઓ આરોગ્ય અને સમ્યગ્દર્શન –બોધિબીજનો લાભ, તેમજ સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ સમાધિ આપો.!...૬.

ચંદ્રોથી પણ વધારે નિર્મલ, સૂર્યોથી વધારે પ્રકાશ કરનારા, શ્રેષ્ઠ સાગર કરતાં પણ વધારે ગંભીર એવા હે સિદ્ધો..! મને સિદ્ધિપદ–મોક્ષને આપો...! ...૭.

આ સૂત્રથી ગુણગાનપૂર્વકવર્તમાન ચોવિશીને વંદન કરી તેમની પ્રસન્નતા માગી છે અને તેમની પાસેથી બોધિલાભ, શ્રેષ્ઠ સમાધિ ને સિદ્ધિ માગવામાં આવી છે.

*** * * ***

**ત્રણ ખમાસણા આપી યોગ મુદ્રામાં બેસવું.**

**ઈચ્છાકારેણ સંદિ સહ ભગવન ! ચૈત્યવંદન કરુંજી ?**

## ॥ અથ અશોકવૃક્ષ કાવ્યં ॥

**અશોકવૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિ**
**દિંવ્યદવનિશ્ચામર માસનં ચ;**
**ભામંડલં દુંદુભિરાતપત્રં,**
**સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્.**

આ શ્લોકમાં અરિહંત પરમાત્માના આઠ પ્રાતિહાર્યો બતાવ્યા છે. તેનું વર્ણન અરિહંત પ્રભુના બાર ગુણોના વર્ણનમાંથી જાણી લેવું.

**અથવા**

**સકલ કુશલ વલ્લિ પુષ્રાવર્ત મેઘો,**
**દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપ માન;**
**ભવજલનિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુઃ,**
**સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ - શ્રેયસે પાર્શ્વનાથઃ.**

અર્થ :– સકલ કુલશની વેલડી, પુષ્રાવર્ત મેઘ, દુરિતના અંધકારને દૂર કરનાર સૂર્ય, કલ્પવૃક્ષ સમાન, ભવસાગરમાં જહાજ અને સર્વ સંપત્તિના હેતુ સમાન શ્રી શાંતિનાથ ભ. તથા શ્રી પાર્શ્વનાથ ભ. અમારા શ્રેય–કલ્યાણને કરનારા થાઓ.

# શ્રાવક કોને કહીએ ?

**(શ્રાવકનાં ૨૧ ગુણ)**

ચંદ્ર વિનાની રાત્રી...
વિનય વિનાની વિદ્યા...
ધન વિનાનું જીવન...
ખાંડ વિનાનું મિષ્ટાન... અને
લુણ વિનાનું ભોજન

જેમ આનંદ આપનાર બનતું નથી તેમજ ધર્મવિનાનું માનવ જીવન શોભા આપતું નથી... તેમજ જીવનમાં શાંતિ કે પ્રસન્નતા પણ બક્ષી શકતું નથી...

આપણા અનાદિકાળથી ચાલતા જન્મ અને મરણના આ સંસાર ચક્રમાં શું આપણને ધર્મ મળ્યો જ નહિં હોય ? ના...! ના...! આવું તો સંભવિત જ નથી ! શાસ્ત્રો તો કહે છે આપણે ઓઘા અને મુહપત્તીના મેરૂ પર્વત જેટલા ઢગલા કરી નાખ્યા. તો શું આપણને ધર્મ મળ્યો ખરો પણ આપણને એ ફળ્યો નથી ? હા... હા... એવું જ કાંઇક હોવું જોઇએ.

શા માટે નથી ફળ્યો ધર્મ ?

**જહ ચિંતામણિરયણં,**
**સુલહં ન હુ હોઈ તુચ્છવિહવાણં ।**
**ગુણવિભવવજ્ઝિયાણં,**
**જિયાણ તહ ધમ્મરયણં પિ ॥**

જેમ અલ્પ ધનવાળાને ચિંતામણી રત્ન સુલભ નથી તેમ ગુણરૂપી ધનથી રહિત જીવોને ધર્મરૂપી રત્નો પણ સુલભ નથી.

જે અલ્પ વૈભવવાળો જીવ હોય તે ઝવેરી બજારમાં આંટો મારી આવે... દાગિના જોઇ આવે પણ ઝવેરી બજારમાં જવા છતાં એનો આટો નિષ્ફળ છે કારણ એ ત્યાંથી કશું જ ખરીદી શકતો નથી... લાવી શકતો નથી. એજ પ્રકારે ગુણવૈભવ વિનાનો વ્યક્તિ ધર્મ સ્થાનોમાં લટાર જરૂર મારી આવે દેરાસર ઉપાશ્રયના ચક્કર ભલે કરી આવે પણ તે ધર્મને પામી શકતો નથી.

ચિંતામણી રત્નને પામવા ધનવૈભવની જરૂર છે જ્યારે ધર્મરત્નને પામવા ગુણવૈભવની જરૂર છે.

આજ કારણ છે કે અનાદિથી ધર્મસ્થાનોમાં જવા છતાં ખમાસણા, કાયોત્સર્ગ કર્યા છતાં... આપણને ધર્મરત્ન ન મળવાથી ભવના ફેરા ન ટળ્યા...

આ ધર્મરત્નને પામવા શાસ્ત્રકારો એકવીસ ગુણોનો વૈભવ બતાવે છે. આવો આપણી જાતને તપાસીએ આપણે કેવા વૈભવના સ્વામિ છીએ ?

અરિહંતના ૧૨ ગુણ કહ્યા...
સિદ્ધના ૮ ગુણ બતાવ્યા...
આચાર્યના ૩૬ ગુણો જણાવ્યા...
ઉપાધ્યાયના ૨૫ ગુણો વર્ણવ્યા...
સાધુના ૨૭ ગુણો દર્શાવ્યા...

પણ આ બધા ગુણોના પાયામાં ધર્મરત્નને પામવાની યોગ્યતા અર્પનાર શ્રાવકના ૨૧ ગુણો અત્યંત આવશ્યક છે. આ એકવીસ ગુણોથી યુક્ત હોય તેજ ધર્મરત્નને યોગ્ય છે... લાયક છે. તે ગુણો આ પ્રમાણે :–

૧. અક્ષુદ્ર : એટલે ક્ષુદ્રતા રહિત હોય.
૨. રૂપવાન : એટલે પ્રશસ્ત રૂપવાળો હોય.
૩. સૌમ્ય પ્રકૃતિવાળો : એટલે પ્રશાંત

ચિત્તવાળો હોવાથી સુંદર સ્વભાવવાળો હોય.

૪. લોકપ્રિય : એટલે સદાચારનું આચરણ કરવાથી લોકોને પ્રિય હોય.

૫. અક્રૂર : એટલે પરના દોષ જોવાના વગેરે ક્રૂર સ્વભાવવાળો ન હોય.

૬. પાપભીરૂ : એટલે આલોક અને પરલોકમાં મળતા પાપના ફળથી ભય પામનાર હોય.

૭. અશઠ : એટલે સાચી ક્રિયા વિધિપૂર્વક કરવાથી શઠતા રહિત હોય.

૮. દાક્ષિણ્યતાવાળો : એટલે કોઇની પ્રાર્થનાનો ભંગ ન કરનાર હોય.

૯. લજ્જાળુ : એટલે અયોગ્ય કાર્ય કરવામાં અનુભવનાર હોય.

૧૦. દયાળુ : એટલે ચિત્ત દયાથી ભરપૂર હોય.

૧૧. મધ્યસ્થ અને સૌમ્યદષ્ટિવાળો : એટલે યથાર્થ વસ્તુ તત્વને જોનાર હોય.

૧૨. ગુણનો રાગી : એટલે ગુણોને વિષે બહુમાનવાળો હોય.

૧૩. સત્કર્થી : એટલે દુષ્ટ આચરવું, સાંભળવું કે કહેવું એ વિષે અરૂચિ વાળો હોય.

૧૪. સુપક્ષવાળો : એટલે ધર્મમાં વિરોધ ન કરે તેવા બંધુ અને પરિવારવાળો હોય.

૧૫. દીર્ઘદષ્ટિવાળો : એટલે બુદ્ધિમાન હોવાથી વિચાર કરીને જેનું પરિણામ સુંદર હોય એવા કાર્યને કરનાર હોય.

૧૬. વિશેષજ્ઞ : એટલે સત્ અને અસત્ ને જાણનાર હોય.

૧૭. વૃદ્ધાનું યોગ : એટલે વૃદ્ધ, પરિપકવ બુદ્ધિવાળાને અનુસરનાર હોય.

૧૮. વિનયવાળો : એટલે ગુરુજનની ભક્તિ કરનાર હોય.

૧૯. કૃતજ્ઞ : એટલે કોઇએ આલોક કે પરલોક સબંધી થોડોપણ ઉપકાર કર્યો હોય તેને જાણનાર હોય.

૨૦. પરહિતાર્થકારી : એટલે પરના હિતના કાર્યો કરનાર હોય અને

૨૧. લબ્ધલક્ષ્ય : એટલે લક્ષ્ય કરવા લાયક ધર્મક્રિયાનો વ્યવહાર પ્રાપ્ત કર્યો છે તેવા હોય.

આ ઉપરોક્ત ગુણો જીવનમાં આવે છે ત્યારે જીવનો ગુણવૈભવ પુર બહારમાં ખીલે છે. આવો જીવ ધર્મ કરવા માટે ઉદ્યમશીલ બને છે, ધર્મ પામે છે. ધર્મ એવા જીવોનાં જીવનમાં સહજતાથી વણાઇ જાય છે. આવા પુણ્યવંતા મહાનુભાવોના જીવન ધન્યતાને પાત્ર છે. આવા જીવનના સ્વામી બનવા કેવળ જન્મ શ્રાવક કે ક્રિયા શ્રાવક બનીને નહીં ચાલે પણ ગુણ શ્રાવક બનવા સખત પુરૂષાર્થ કરવોજ રહ્યો.

## ૧ અક્ષુદ્ર

**ખુદ્દો ત્તિ અંગભીરો,**
**ઉત્તાણમઈ ન સાહએ ધમ્મં ।**
**સપરોવયારસત્તો,**
**અતખુદ્દો તેણ ઈહ જોગ્ગો ॥**

ક્ષુદ્ર એટલે ગંભીરતા રહિત, તે બુદ્ધિની નિપુણતા રહિત હોય તેથી ધર્મ સાધી શકતો નથી. તેથી કરીને અક્ષુદ્ર એટલે સ્વપરનો ઉપકાર કરવામાં શક્તિમાન જે હોય તે અહી યોગ્ય છે.

ક્ષુદ્ર શબ્દના અનેક અર્થ છે ક્ષુદ્ર એટલે તુચ્છ, ક્ષુદ્ર એટલે ક્રુર, ક્ષુદ્ર એટલે દરિદ્ર, ક્ષુદ્ર એટલે લઘુ (નાનો) વિગેરે... અહિં ક્ષુદ્ર એટલે તુચ્છ લઇને અગંભીર એવો અર્થ લેવાનો છે. અગંભીર વ્યક્તિ અનિપુણ બુદ્ધિવાળા હોય છે. જયાં બુદ્ધિની નિપુણતા ન હોય ત્યાં ધર્મ સાધના કેવી રીતે સંભવિત બની શકે ? અર્થાત્ ન જ સંભવી શકે. કારણ ધર્મના તત્ત્વને સદા સુક્ષ્મ બુદ્ધિવાળા જ જાણી સમજી શકે છે. જે જીવોના સામાન્ય

વ્યવહારીક જીવનમાં પણ સૂક્ષ્મ બુદ્ધિના દર્શન ન થતા હોય તે ધર્મરત્નને કેમ પામી શકે.

એક નગરમાં એક શેઠ -શેઠાણી વસતા હતા. શેઠના ચાર દિકરા અને એક દિકરી, શેઠ પોતાની જાતને અત્યંત ભાગ્યશાળી માનતા હતા. સંસાર સુખેથી ચાલતો હતો પણ બધુ બરાબર ચાલે તો જ્ઞાનિઓ સંસારને અસાર કેમ જણાવત...

શેઠના દિકરા મોટા થયા ન થયા અને ટૂંકી બીમારીમાં શેઠાણી પરલોક સિધાવ્યા.

શેઠે ધીમે ધીમે દિકરા-દિકરી પરણાવી બધાને ઠેકાણે પાડનાર શેઠ સ્વયં બુઢાપા અને બિમારીના બીછાને પડ્યા. થોડા દિવસતો બધાએ હોંસે હોંસે સેવા ચાકરી કરી પણ હવે કંટાળી ગયા... સેવા કરીને થાકી ગયા.

ચાર દિકરાઓએ ભેગા થઇને મિટીંગ કરી. હવે શું કરવું ? ડોસાને (?) હવે કોણ સાચવશે ? નાનો દિકરો કહે મોટાએ બાપુજીને સાચવવા જોઇએ. મોટો કહે નાનાએ સાચવવું જોઇએ. ઘણા વાદ વિવાદ ઝગડાઓ બાદ નક્કી થયું આપણે સહુએ એક એક મહિનો ડોસા (?) ને સાચવવા. પણ અહિં એક સવાલ ઉકેલાય ત્યાં બીજો સવાલ ઉભો થયો. અંગ્રેજી મહિનામાં ક્યારેક ૩૦ દિવસ હોય ક્યારેક ૩૧ દિવસ. બધા ૩૦ દિવસ સાચવે પણ તા. ૩૧ ના શું કરવું કોણ સાચવે ?

ત્યાં તો એક પુત્ર વધુ એ ઉકેલ સુચવ્યો- ''બાપા એક દિવસ ઉપવાસ કરી નાંખે તો તબીયત પણ સારી રહે.''

આ બધું મુંગે મોઢે સાંભળતી અને જોતી શેઠની દિકરીથી ન રહેવાયું એણે કહ્યું - ''પિતાજી ! ચાલો મારા સસરાજી સાથે તમારી સેવા કરવામાં મને આનંદ આવશે.''

અને પિતાજી પુત્રીની સાથે લાકડીના સહારે ચાલી નિકળ્યા.

જે દુનિયામાં જીવો આવી તુચ્છ... હલકી મનોવૃત્તિના સ્વામી હોય એમની પાસે ધર્મરત્નની અપેક્ષા શી રાખી શકાય ? આપણે અનાદિ કાળમાં આવી તુચ્છતાના કારણે આપણા પરમોપકારીને પણ ઓળખી શકતા નથી. એમના જીવનમાં શાંતિ અને પ્રસન્નતા લાવી શક્યા નથી તો પરમ પરમાત્માના સૂક્ષ્મ તત્ત્વોને કેવી રીતે સમજી શકીશું ?

તારક તીર્થંકર પ્રભુના સ્થુલ ક્રિયાકાંડ, વિધિવિધાનનેસમજવા માટે પણ તુચ્છ મનોવૃત્તિ અને ક્ષુદ્રતાનો ત્યાગ કરવોજ રહ્યો. તારક પ્રભુનું તારક તત્વજ્ઞાન પામવા પોતની જાતને ઉંચી ઉઠાવવી જ પડશે. સ્વયંના જીવન બાગને આશ્ચર્યકારી ગુણોથી શણગારવીજ પડશે. ક્ષુદ્રતાને દેશવટો આપી અક્ષુદ્રતાના સ્વામિ બનવું પડશે. ગુણોજનોના ગુણોથી શોભતા જીવનને જોઇને આનંદ માણવો પડશે. આપણા જીવન બાગમાં આવા ગુણોના પુષ્પો ખિલવવા સાધના આરંભવી પડશે.

**ગુણથી ભરેલા ગુણીજન દેખી,**
**હૈયુ મારુ હર્ષ ધરે;**
**એ સંતોના ચરણ કમળમાં,**
**મુજ જીવનનું અર્ઘ્ય રહે;**

## ૨ શ્રાવક રૂપવાન હોય.

**સંપુન્નંગોવંગો,પંચિદિયસુંદરો સુસંઘયણો ।**
**હોઈ પભવણહે ઉ ખમોય તહ રુવવં ધમ્મં ॥**

સંપૂર્ણ અંગોપાંગવાળો...
પાંચ ઈદ્રિય વડે... અને
સારા સંઘયણવાળો જે હોય...
તે રૂપવાન કહેવાય છે.

તેવો પુરુષ ધર્મને દીપાવી શકે છે તથા ધર્મ

પાળવામાં સમર્થ હોય છે.

માનવીય શરીર અંગોપાંગ દ્વારા બનેલું હોય છે. મસ્તક છાતી, ઉદર, પીઠ, બે હાથ, બે સાથળ એ આઠ અંગ કહેવાય છે. આંગળી વગેરે ઉપાંગો કહેવાય છે, અને બાકીના અંગોપાંગ કહેવાય છે.

શ્રાવકના બીજો ગુણ જણાવતાં કહે છે કે શ્રાવક રૂપવાન હોય છે. રૂપવાનએટલે શું ? એનું સ્પષ્ટિકરણ કરતાં કહે છે એની પાંચે ઇન્દ્રિય સુંદર હોય એ વિકળ અંગવાળો એટલે જ કાણો, ખોખરો, બહેરો અને મૂંગો ન હોય.

જે રૂપવાન હોય તે શુભ સંઘયણવાળો પણ હોવો જોઇએ. સંઘયણ એટલે શું ? આ પ્રશ્નનાં સમાધાનમાં જણાવે છે– સંઘયણ એટલે હાડકાંની મજબૂત રચના અથવા શરીરની શક્તિ. શાસ્ત્રોમાં છ સંઘયણ બતાવવામાં આવ્યા છે... (૧) વજ્ર ઋષભ નારાચ (૨) ઋષભ નારાચ (૩) નારાચ (૪) અર્ધ નારાચ (૫) કીલિકા તથા (૬) સેવાર્ત ઋષભ એટલે પાટો, વજ્ર એટલે કીલિકા અથવા ખીલી, અને નારાચ એટલે મર્કટ બંધ... જેમ માંકડાનું બચ્ચુ માતાના પેટને વળગેલું હોય છે તેમ બે હાડકાં સામ–સામાં હાડકાને વળગેલા હોય છે. તેને મર્કટ બંધ કહે છે.

વજ્ર ઋષભ નારાચ એ શ્રેષ્ઠ સંઘયણ છે આ સંઘયણ વાળા જ જીવો મોક્ષ પામી શકે છે. પણ ધર્મની આરાધના બધાજ સંઘયણમાં થઇ શકે છે.

આવા રૂપના પણ બે પ્રકાર જણાવ્યા છે.

૧. સામાન્ય રૂપ અને ૨. અતિશયવાળું રૂપ.

અંગોપાંગ સંપૂર્ણ હોય તે સામાન્ય રૂપ અને રૂપે કરીને કોઇ પણ દેશ, કાળ કે વયમાં રહેલો પ્રાણી ‘‘આ રૂપવાન છે’’ એવી લોકોને પ્રતીતિ ઉત્પન્ન કરે તેજ રૂપ અતિશયવાળું રૂપ કહેવાય. જોકે અતિશયથી રૂપ તો તીર્થંકર પરમાત્માને જ સંભવી શકે છે..

રૂપવાન વ્યકિતઓને ધર્મ–પુણ્ય દ્વારાજ રૂપની પ્રાપ્તિ થાય છે. આવી રૂપવાન વ્યક્તિઓ જયારે ધર્મની આરાધનામાં આગળ વધે છે ત્યારે અનેકોને માટે ધર્મમાં આગળ વધવા પ્રેરણારૂપ બને છે. રૂપવાનને ધર્મમાં આગળ વધતાં જોઇને અનેક એની સાથે ધર્મમાં જોડાય છે.

નંદિષેણ અને હરિકેશિબળ વિગેરે ધર્મ પામી અનેકોને ધર્મ માર્ગમાં જોડનારા બન્યા હતા. આ નંદિષેણ અને હરિકેશિ રૂપવાન ન હતા તો આવું કેમ બન્યું ? નંદિષેણ અને હરિકેશિ કુરુપ હતા પણ સામાન્ય રૂપ એમની પાસે હતું. પાંચે ઇદ્રિયથી પરિપૂર્ણ હતા.

જયાં ઇન્દ્રિયની પરિપૂર્ણતા ન હોય ત્યાં ધર્મ સ્વતંત્રતાથી ન સંભવી શકે. જીવ પરાધીન બની જાય છે.

આંખ ન હોય અથવા નબળી હોય તો જયણા ન પાળી શકાય. ધર્મગ્રંથોનું અધ્યયન–વાંચન આદિ ન થઇ શકે.

શ્રોતેંન્દ્રિય નબળી હોય તો પરમાત્માની વાણી ન સાંભળી શકે. સત્સંગનો લાભ ન મેળવી શકે.

મુંગો હોય... બોલવાની શક્તિ ન હોય તો મનમાં ઉત્પન્ન થયેલી શંકા બીજાને કહી ન શકે... મનની વાતો બીજાને ન સમજાવી શકે.

પગ બરાબર ન હોય તો જિનાલય ઉપાશ્રયાદિમાં સ્વેચ્છાથી જઇ ન શકે...ધર્મ આરાધનામાં બાધા આવે.

આવી રીતે ઘડપણમાં પણ જયારે ઇન્દ્રિયોમાં હિનતા કે નબળાઇ આવે છે ત્યારે જીવ ધર્મ આરાધના સંપૂર્ણ રીતે કરવા સમર્થ હોતા નથી. એટલે જયાં સુધી ઇન્દ્રિયો બરાબર છે ત્યાં સુધી સવિશેષ ધર્મારાધના કરી લેવા પુરુષાર્થ કરવો જોઇએ.

પ્રભુ મહાવીરસ્વામીના પ્રથમ પ્રવર્તિની સાધ્વીજી ચંદનબાળા રૂપવાન હતા... ગુણવાન હતા. એમના રૂપ અને સંયમથી અનેકોને ધર્મમાર્ગે આગળ વધવાની પ્રેરણા મળી. એક સમયના રાજકુમારી... આવા સ્વરૂપવાન ચંદનબાળા આ સુખસામગ્રી ભરપૂર સંસારનો ત્યાગ કરી કષ્ટથી ભરેલા સંયમ માર્ગે સંચર્યા છે તેથી નિશ્ચિત સંસાર છોડવા જેવો છે... અને સંયમ લેવા જેવો છે... ધર્મ સાધના કરી મોક્ષ મેળવવા જેવો છે. આવી પ્રતીતી અને અનુભૂતી અનેકોને થવાથી અનેક જીવો ધર્મના અને સંયમના રસિયા બન્યા હતા..

આપણી પાંચ ઈન્દ્રિય સલામત છે... બરાબર છે ત્યાં સુધી ધર્મસાધના કરી લેવા જેવી છે. ઈન્દ્રિયો અને દેહ નબળો થતાં મન નબળું પડે છે. મન નબળું પડે એટલે સાધના આરાધનાના મનોરથોમાં ખામી આવી જાય છે. અને નબળી સાધના જીવને પ્રમાદિ બનાવી દુર્ગતિ તરફ ખેંચી જાય છે.

## 3 શ્રાવક સૌમ્ય પ્રકૃતિવાળો હોય

**પવઈસોમ સહાવો,**
**ન પાવકમ્મે પવત્તઈ પાયં ।**
**હજઈ સુહ સેવણિજ્જો,**
**પસમનિમિત્તં પરેસિ પિ ॥**

શ્રાવકના ત્રીજા ગુણને જણાવતાં કહે છે કે શ્રાવક સૌમ્યપ્રકૃતિવાળો હોય છે.

જે સ્વભાવથી જ સૌમ્યપ્રકૃતિવાળો છે તે પ્રાયઃ પાપમાં પ્રવર્તતો જ નથી... પાપમાં ન પ્રવર્તવાથી તે સુખે સેવવા યોગ્ય થાય છે આવો વ્યક્તિ બીજાઓ માટે ઉપશમનું કારણ બને છે.

આ વિશ્વ જુદા જુદા સ્વભાવવાળા જીવોથી ભરેલું છે. ક્યાંક સૌમ્યતા દેખાય છે... ક્યાંક ઉગ્રતા દેખાય છે...

ક્યાંક કષાયની ઉપશાંતતા પ્રવર્તે છે... ક્યાંક કષાયનો પ્રચંડ ઉદય દેખાય છે. ધર્મને સમજતો જીવ કર્મને આધીન બનીને આત્માને કર્મના અને સંસારના ચક્રમાં ફેરવતો રહે છે. આપણે આવા સંસારચક્રમાં અનાદિકાળથી ફરી રહ્યા છીએ. જીવ જ્યારે કાંઇક અંશે ધર્મને સમજે છે ત્યારે ધીરે ધીરે પોતાના કષાયોદયમાં જાગૃત બનીને એને શાંત કરતો જાય છે. જેમ જેમ કષાય શાંત થતાં જાય છે તેમ તેમ જીવ સૌમ્યપ્રકૃતિવાળો બનતો જાય છે. આવો જીવ પૂર્વ ભવથી ધર્મના સંસ્કાર લઇને આવેલો હોવાથી જ ધર્મ કરવાની ઉત્તમ શક્તિ ધરાવે છે. પૂર્વભવના ધર્મના સંસ્કાર એને પાપમાં પ્રવર્તવા દેતા નથી તેથી તેને પાપનો ભય સતત હોય છે. આવા જીવ પાપથી દૂર ભાગતા હોય છે. આવા જીવ સ્વયં સૌમ્યપ્રકૃતિવાળા બનીને બીજાને પણ સૌમ્યતા તરફ લઈ જવા વાળા હોય છે. આવા જીવોના જીવનમાં થતી ધર્મ આરાધના અનુમોદનાનું નિમિત્ત કારણ બને છે.

તપ કરીને ક્રોધ કરનારા...

દાન કરીને અહંકાર કરનારા...

વીતરાગની પૂજા કરીને માયા-કપટ કરનારા..

સામાયિક-પ્રતિક્રમણ કરીને લોભ કરનારા...

આવા જીવો ક્યારેય સૌમ્યપ્રકૃતિના સ્વામી નથી બની શકતા. આવા જીવોથી ધર્મની પ્રશંસા અને અનુમોદના તો જવા દો પણ ઘણીવાર ધર્મની નિંદા થતી હોય છે. શ્રાવકનું જીવન સદા ધર્મની નિંદા થાય એવા વર્તનથી દૂર હોય. એ તો સદા જયવંતા જિન શાસનની પ્રભાવના થાય એવાજ વર્તનનો સ્વામી હોય છે. તેથી જ એના જીવનમાં સૌમ્યપ્રકૃતિની પ્રાપ્તિ અત્યંત આવશ્યક બની જાય છે.

ચંડરૂદ્રાચાર્યની પાસે એજ દિવસના વિવાહ

હતા એવા યુવાને સંયમનો સ્વીકાર કર્યો... મશ્કરી મજાકમાં સાધુનો વેશ મળી ગયો... પણ જીવ આરાધક હતો... સૌમ્યપ્રકૃતિનો સ્વામી હતો... શ્રાવક જીવનનો આ ગુણ સંયમ જીવનનો સાથી બન્યો... અંધકારમાં વિહાર કરતાં ગુરુ ભગવંતને તકલીફ ન થાય તે માટે ખભે ઉપાડ્યા... છતાં પોતાના પગ આડા અવળા પડતાં ગુરુને અશાતા થતાં, તાજા લોચ થયેલા મસ્તક ઉપર દાંડાથી પ્રહાર કરવા લાગ્યા. લોહીની ધારા વહેવા લાગી... પણ નૂતન મુનિરાજ શાંત છે કારણ શ્રાવક જીવનથી જ સૌમ્ય પ્રકૃતિના સ્વામી છે. ગુરુને અશાતા અને આર્તધ્યાનમાં પોતે નિમિત્ત બન્યા છે એવું મનમાં વિચારી સતત પશ્ચાતાપ કરે છે જેથી ધીમે ધીમે ક્ષપક શ્રેણીએ આરૂઢ થઇ ઘાતી કર્મનો નાશ કરી.. કેવળજ્ઞાનના સ્વામી બને છે.

ગુરુ ભગવંતને શિષ્યના કેવળજ્ઞાનનો ખ્યાલ આવતાંજ પશ્ચાતાપથી એને ખમાવે છે. અને સ્વયં કેવળજ્ઞાનને પામે છે.

આવો સૌમ્ય પ્રકૃતિવાળો જીવ શ્રાવક જીવનમાં શાંતિ ફેલાવે છે અને સંયમ જીવનમાં પરંપરાએ કેવળજ્ઞાન પામી અન્યને કેવળજ્ઞાન સુધી પહોંચાડે છે.

વર્તમાન સમયમાં ઘર–ઘરમાં સર્જાતું કલેશનું વાતાવરણ સૌમ્યપ્રકૃતિના ગુણની આપણા જીવનમાં ખામીની ચાડી ખાય છે. જો આપણા સહુના જીવનમાં આ ગુણ આવી જાય તો પરિવારમાં આનંદ મંગલનું વાતાવરણ સર્જાઇ જાય. સ્વર્ગનું આ ધરતિ ઉપર અવતરણ થઇ જાય.

## તીર્થંકરોની જીવન યાત્રા

અનુસંધાન પેજ-૨૪ થી શરૂ

ઉંચાઇવાળા પ્રભુ અઢી લાખ વર્ષ કુમારપણે, પાંચ લાખ વર્ષ રાજા પણે રહી, સાંવત્સરિક દાન આપી મહા શુદિ તેરસના એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, બે વર્ષ છદ્મસ્થ રહી પોષ શુદિ પુનમે કેવળજ્ઞાન પામ્યા. અનેક જીવોને તારી અઢી લાખ વર્ષ દીક્ષા પાળી, દશ લાખ વર્ષ સર્વ આયુષ્ય ભોગવી, અંતે સમેતશિખર ઉપર એકસોઆઠ મુનિઓ સાથે માસિક અનશન કરી જેઠ શુદિ પાંચમના દિવસે મોક્ષે ગયા. એ પ્રભુને અરિષ્ટઆદિ તેંતાલીસ ગણધરો સહિત ચોસઠ હજાર સાધુઓ, શિવાઆદિ બાસઠ હજાર ચારસો સાધ્વીઓ, બે લાખ ચાલીશ હજાર શ્રાવકો અને ચાર લાખ તેર હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક કિન્નરયક્ષ અને પન્નગા યક્ષિણી હતાં. પ્રભુના શાસનમાં પાંચમા નિશુંભ પ્રતિવાસુદેવ, પુરુષસિંહ વાસુદેવ, અને સુદર્શન બળદેવ તથા ત્રીજા મઘવા અને ચોથા સનત્કુમર એ બે ચક્રવર્તી થયા છે.

# જીવ-વિચાર

જયણા એજ જીવન છે.

જયણા પાલન માટે જીવ ક્યાં ક્યાં છે ? એને કેવી રીતે બચાવી શકાય છે એ બધું જાણવું ઘણું જ અગત્યનું છે. શ્રાવકનું જીવન એકેન્દ્રિયો ઉપર આધારીત છે એટલે એમના ઉપયોગ વગર ન ચાલે પરંતુ ત્યાં સાવધાની હોય તો ઓછા જીવોની વિરાધનાથી જીવન જીવી શકાય અને વધુને વધુ જીવોને અભયદાન આપી શકાય. એવા એકેન્દ્રિય પૃથ્વીકાય... અપકાય... તેઉકાય... વાયુકાય.. અને વનસ્પતિકાય વિગેરે જીવોને જાણ્યા પછી હવે આપણે આગળ વધીએ.

વિશ્વના ચોગાનમાં એકેન્દ્રિય જીવોને બાદ કરીએ તો આપણી સામે વિવિધ પ્રકારના હાલતા ચાલતા જીવો આવે. કીડી થી માંડીને હાથી સુધી અને મચ્છરથી માંડીને મોટા-મોટા મગરમચ્છસુધીના જીવોનો આમાં સમાવેશ થાય છે.

ચાલો ! આવા જીવોને જાણીને એમને પણ અભયદાન આપવા પ્રયાસ કરીએ કારણ **અભયદાન બધા જ દાનોનો રાજા છે.**

અભયદાનને આદરનાર-આચારનાર સ્વયં પૂજ્ય બને છે.. અનેકોને પૂજ્ય બનાવે છે.

સ્વ ઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકે એવા હાલતા-ચાલતા જીવોને ત્રસ જીવો કહેવામાં આવે છે. આ ત્રસ જીવોના ચાર પ્રકાર છે-

૧. બે ઇન્દ્રિય જીવો- સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય આ બે ઇન્દ્રિયવાળા જીવનો આમાં સમાવેશ થાય છે.

૨. તે ઇન્દ્રિય જીવો : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય તથા ઘ્રાણેંન્દ્રિય આ ત્રણ ઇન્દ્રિયવાળા જીવોનો આમા સમાવેશ થાય છે...

૩. ચઉંરિન્દ્રિય જીવો : સ્પર્શેન્દ્રિય, રસનેંન્દ્રિય, ઘ્રાણેંન્દ્રિય તથા ચક્ષુરિન્દ્રિયવાળા જીવોનો આમાં સમાવેશ થાય છે..

પંચેન્દ્રિય જીવો : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેંન્દ્રિય તથા ચક્ષુરિન્દ્રિય તથા શ્રોતેંન્દ્રિયવાળા જીવોનો આમાં સમાવેશ થાય છે.

**शंख कवड्डय गंडुल जलोय,**
**चंदणग अलस लहगाइ ।**
**मेहरि किमि पूअरगा,**
**बेइंदिय माइवाहाइ ।।**

ભાવાર્થ :- શંખ, કોડા, ગંડોલા, જળો ચંદનક,અળશિયા, લાળિયા જીવ (વાસી રોટલા વગેરેમાં ઉત્પન્ન થતાં જીવ) મેર (લાકડાના કીડા) કૃમિ, પોરા, ચુડેલ વગેરે બે ઇન્દ્રિય જીવ જાણવા.

જીવ-વિચાર શીખીને જીવોની જયણા પાળવાની છે. ચુલે ચઢાવેલી કોઇ પણ નરમ વસ્તુમાં રાત ઓળંગતા બે ઇંન્દ્રિય લાળિયા જીવ ઉત્પન્ન થાય છે. તેથી જ વાસી ચીજ અભક્ષ્ય ગણાય છે. આપણા નિત્ય જીવનમાં આવા પ્રકારની જીવ-વિરાધના ટાળવાની છે. એટલે એનો ત્યાગ જ કરવો યોગ્ય છે.

એજ પ્રકારે 'ચલિત રસ' થયેલ દરેક વસ્તુ પણ અભક્ષ્ય છે એમાં પણ બે ઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાયછે. 'ચલિત રસ' એટલે જે આદ્ય પદાર્થના સ્વાદમાં ફરક થઇ ગયો હોય તે; અથવા જેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઇ ગયા હોય તે. ઘરમાં બનાવેલી નાસ્તા માટેની કડક ખાદ્ય સામગ્રીમાં પણ વાસ આવતાં... સ્વાદ બદલાઇ જતાં બે ઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે... એનાથી પહેલા વસ્તુ વાપરી નાખવી જોઇએ. જયણાને જીવન મંત્ર

બનાવવો જોઇએ..

એવા જ પ્રકારે બોળ અથાણાં' એટલે તડકામાં બરાબર ન સુકાવેલા... તથા જેની ઉપર ચાર આંગળી તેલ નથી એવાં અથાણામાં બે ઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે તેથી તે પણ અભક્ષ્ય બને છે.

જૈન દર્શનમાં જમ્યા પાછી થાળી ધોઇને પીવાનો રીવાજ છે એની પાછળ પણ જીવદયાનું રહસ્ય છુપાયેલું છે. કોઇ પણ આહાર-પાણી આપણે એઠાં કર્યા હોય તો એમાં અડતાલીસ મિનિટ પછી લાળિયા જીવો ઉત્પન્ન થાય છે આ જીવો પણ બે ઈન્દ્રિય જીવો છે. આવા અનેક જીવોની હિંસા આપણને લાગે છે. આથી બચવા માટે જમણ, એકાસણું, આયંબીલ વગેરે અડતાલીસ મિનિટમાં પતાવી લેવું તથા થાળીમાં કાંઇ પણ એઠું છોડવું નહીં, એથી જયણાનું પાલન થાય છે.

કાચું દુધ, દહિં કે છાસ કઠોળ સાથે ભેળવતાં વિદળ થાય છે. એમાં પણ બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. ધર્મને જાણનાર શ્રાવક શ્રાવિકાએ વિદળ ન થાય એની કાળજી રાખવી જોઇએ.

કઢી બનાવતા કે ઢોકળાં વગેરેનો આથો આવતાં પૂર્વે છાસને બરાબર ગરમ કરવી જરૂરી છે. આપણા નિત્ય-રોજીંદા વ્યવહારમાં પણ કાચી છાસ-દહીનો ઉપયોગ ન થાય તેની કાળજી રાખવી જોઇએ... એ માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવી-

૧. ખિચડી ને કાચી છાસ ન ખવાય.

૨. મેથીના પાંદડાવાળા થેપલા ને કાચી દહિં ન વપરાય.

૩. દાળ-ભાતમાં કાચું દહિં ન નંખાય.

૪. દહિં બરાબર ગરમ કર્યા વગર દહિં વડા ન બનાવાય.

૫. શ્રીખંડના જમણમાં કોઇ પણ કઠોળનો કયાં પણ ઉપયોગ ન કરાય.

બેઇન્દ્રિય જીવોનો વિસ્તારથી વિચાર કરીને હવે આપણે તેઇન્દ્રિય જીવોની વિચારણા કરીએ...

**गोमी मंकड जूआ,**
**पिपीलि उद्देहिया य मक्कोड ।**
**इल्लिय घय मिल्लीओ,**
**सावय गोकीड जाइओ ।।१६।।**
**गद्दहय चोरकीडा,**
**गोमयकीडाय धन्नकीडा य ।**
**कुंथु गोवालिय इलिया,**
**तेंइदिय इंद गोवाइ ।।१७।।**

ભાવાર્થ :-કાનખજૂરા, માંકડ, જૂ, કીડીઓ, ઊધઇ, મકોડા, ધાન્યની ઇયળ, ધીમેલો, સાવા (વાળમાં ઉત્પન્ન થાય તે), ગોકીટક, અથવા ચિચ્ચડી, ઉતિંગા, વિષ્ટાના કીડા, છાણના કીડા, અનાજના કીડા, કંથુઆ, ગોપાલિકો, ઇયળો ઇન્દ્રગોપ, આદિ તેઇન્દ્રિય જીવો છે...

જીવ-વિચારનો અભ્યાસ કરતાં આપણને ખ્યાલ આવે કે નાના દેખાતા માંકડ... કીડી અને કુંથુઆ વગેરે પણ તેઇન્દ્રિય જીવો છે. એમનામાં પણ આપણા જેવો જ આત્મા છે... સુખ અને દુ:ખની લાગણી છે... આપણી જેમજ એ સુખને ઇચ્છે છે અને દુ:ખથી દૂર થવા પ્રયત્ન કરે છે... એમને બધાને સુખ આપવાથી આપણને સુખ મળે છે... દુ:ખ આપવાથી દુ:ખ મળે છે... પાયાનું જ્ઞાન મળતાં શ્રાવક-શ્રાવિકાનું પ્રથમ કર્તવ્ય થઇ જાય છે કે આવા જીવોની ઉત્પત્તિ જ ન થાય એ માટે સાવધાની રાખવી જોઇએ. કારણ કે આ જીવોની ઉત્પત્તિ થયા પછી જયણા પાળવી વધારે મુશ્કેલ બની જાય છે. આવા જીવોની ઉત્પત્તિ ન થાય એ માટે સ્વચ્છતા અનિવાર્ય બની જાય છે.

મોટો બંગલો બનાવ્યા પછી સ્વચ્છતા ન રાખીએ... યોગ્ય કાળજી ન રાખીએ તો કાનખજૂરા વગેરે જીવોત્પત્તિની સંભાવના રહે છે.

ફર્નીચર વસાવ્યા પછી જો સાફસૂફી ન જળવાય તો એમાં માંકડ... ઉધઇની ઉત્પત્તિ સંભવિત બને છે.

વાળની યોગ્ય માવજત ન કરવામાં આવે તો એમાં જૂ પડવાની શક્યતા નકારી શકાતી નથી.

અનાજનો સંગ્રહ કર્યા પછી જો સાવધાની ન રાખવામાં આવે તો એમાં ઇયળ... ધનેરાં તથા અન્ય અનાજના કિડા થાય છે...

ઘી ને બરાબર તપાવીને રાખવામાં ન આવે... યોગ્ય સમયમાં એને ઉપયોગમાં લેવામાં ન આવે તો ઘીમાં પણ એનાજ વર્ણની બારીક ઇયળો થાય છે (ઘીમેલો)...

શાસ્ત્રકારોએ શિયાળા સિવાય મેથી–કોથમરી વગેરે અભક્ષ્ય કહ્યા... છતાં એને ખાવાની લાલસા આપણને સુકોત્રી... આ પાંદડાને સુકાવીને ઉનાળા વગેરેમાં વાપરવાની પ્રેરણા કરે છે પણ આ મેથી વગેરેના સુકાવેલા પાંદડામાં નાનાસૂક્ષ્મ કંથુઆ જીવો નિર્માણ થાય છે. તેથી આવી સુકોત્રીનો પણ ત્યાગ જ કરવો રહ્યો.

આવા પ્રકારે દરરોજના જીવનમાં થતી જીવ–વિરાધનાને સમજીને એનાથી પાછા હટવા ઉદ્યમશીલ બનવું જોઇએ. આવી જીવોત્પત્તિ જ ન થાય એ માટે પ્રયાસ કરવા જોઇએ. કદાચ જીવોત્પત્તિ થઇ જ જાય તો ઘણી જ સાવધાની રાખીને વધારે ને વધારે જીવોને અભયદાન મળે એ હેતુથી યોગ્ય પ્રવૃત્તિ ઉપાય કરવો જોઇએ.

આ જીવોનો નાશ કરનાર કોઇ પણ જંતુનાશકનો ઉપયોગ શ્રાવકના ઘરમાં ન જ થવો જોઇએ. જંતુનાશકનો ઉપયોગ આપણા આત્માને કઠોર બનાવે છે... કરુણાનો ઘાત કરે છે... પાપના ઢગલા વધારીને દુઃખ અને દૂર્ગતિ તરફ દોરી જાય છે.

# નવતત્વ... (અજીવ તત્વ ચાલુ... તથા પુણ્ય તત્વ)

જીવ... અજીવ તત્વને સંક્ષેપમાં જાણ્યા...

હવે ષડ્દ્રવ્યને જાણીશું ત્રેવીશ માર્ગણા દ્વારા અને પછી પ્રવેશ કરીશું પુણ્ય તત્વમાં.

**परिणाममि जीवमुत्तं,**
**सपअेसा अेगखित्त करिआ य ।**
**णिच्चं कारण कत्ता,**
**सव्वगय मियर अप्पवेसे ।।१४।।**

પરિણામીપણું, જીવપણું રૂપીપણું, સપ્રદેશીપણું, એક પણું ક્ષેત્રપણું, ક્રિયાપણું, નિત્યપણું, કારણ પણું, કર્તાપણું, સર્વવ્યાપીપણું, અને ઇતરમાં અપ્રવેશીપણું વિચારવું.

છ દ્રવ્યની ૨૩ દ્વારોથી વિચારણા

**૧. પરિણામી :** જેનું પરિવર્તન થાય. અવસ્થા બદલાય તે પરિણામી. જીવ મનુષ્યમાંથી તિર્યંચ, દેવ, નારકી બને ૪ ગતિમાં ભમે તેથી પરિણામી છે. પુદ્‌ગલમાં પણ અવસ્થા બદલાય, દુધ, દહિં, ઘી વિગેરે થાય તેથી તે પણ પરિણામી છે.

**૨. અપરિણામી :** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશસ્તિકાય અને કાળ એમાં પરિવર્તન ન આવતું હોવાથી તે અપરિણામી છે.

**૩. જીવ :** જેમાં જીવ હોય તે જીવ દા. ત. જીવાસ્તિકાય

**૪. અજીવ :** જેમાં જીવ નથી તેઅજીવ દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય,આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ.

**૫. રૂપી (મૂર્ત) :** જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે તે રૂપી–મૂર્ત છે. દા. ત. પુદ્‌ગલાસ્તિકાય.

**૬. અરૂપી (અમૂર્ત) :** જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી તે અરૂપી–અમૂર્ત છે. દા. ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ.

**૭. સપ્રદેશી :** પ્રદેશો સહિત તે સપ્રદેશી. દા. ત. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદ્‌ગલાસ્તિકાય.

**૮. અપ્રદેશી :** પ્રદેશ રહિત તે અપ્રદેશી દા. ત. કાળ.

| દ્રવ્ય | પરિણામ | જીવ | મૂર્તિ | સપ્રદેશ | એક અનેક | ક્ષેત્રી-ક્ષેત્ર | સક્રિય | નિત્ય | કારણ | કર્તા | સર્વગત-દેશગત | અપ્રવેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |
| અધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ,, | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |
| આકાશાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્ર | ૦ | ૧ | ૧ | ૦ | સ. | ૧ |
| પુદ્‌ગલાસ્તિકાય | ૧ | ૦ | ૧ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | ૧ | ૦ | દે. | ૧ |
| જીવાસ્તિકાય | ૧ | ૧ | ૦ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | ૦ | ૧ | દે. | ૧ |
| કાળ | ૦ | ૦ | ૦ | ૦ | અનંત | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |

**૯. એક :** જે દ્રવ્ય સંખ્યામાં એક જ એકલું છે. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય.

**૧૦. અનેક :** જે દ્રવ્ય અનેક હોય છે. દા.ત. જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અને કાળ.

**૧૧. ક્ષેત્ર :** જે રાખે તે રાખનાર ક્ષેત્ર કહેવાય છે. દા.ત. આકાશાસ્તિકાય,

**૧૨. ક્ષેત્રી :** ક્ષેત્રમાં રહેનાર ક્ષેત્રી છે. દા. ત. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય.

**૧૩. સક્રિય :** જે ગતિ કરવાને શક્તિમાન છે તે સક્રિય. દા.ત. જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય,

**૧૪. અક્રિય :** જે ગતિ કરવાને અસમર્થ છે તે અક્રિય. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ.

**૧૫. નિત્ય (શાશ્વત) :** જે સદા એક સરખું રહે, જેમાં પરિવર્તન ન થાય તે નિત્ય કહેવાય. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ.

**૧૬. અનિત્ય (અશાશ્વત)** જે સદા એક સરખું ન રહે, જેનું પરિવર્તન થાય તે અનિત્ય કહેવાય. દા.ત. જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

**૧૭. કારણ :** જે બીજાને સહાયભૂત બને તે કારણ. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

**૧૮. અકારણ :** જે બીજાને સહાયભૂત ન બને તે અકારણ. દા.ત. જીવાસ્તિકાય,

**૧૯. કર્તા :** જે કાર્ય કરવામાં સ્વતંત્ર હોય તે કર્તા છે. દા.ત. જીવાસ્તિકાય.

**૨૦. અકર્તા :** જે સ્વતંત્ર કાર્ય કરનાર નથી તે અકર્તા છે. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

**૨૧. સર્વગત :** સર્વગત એટલે સર્વવ્યાપક. દા.ત. આકાશાસ્તિકાય.

**૨૨. દેશગત :** સર્વ વ્યાપક ન હોય તે દેશગત. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ.

**૨૩. પરસ્પર અપ્રવેશી :** એક બીજા દ્રવ્યોમાં જે પ્રવેશ ન કરી શકે તે પરસ્પર અપ્રવેશી. દા.ત. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય.

### પુણ્ય તત્વ...

એક જીવ અલ્પ પ્રયાસે સુખને પામે...

સહજતાથી એનું ભાગ્ય ખુલી જાય...

મનમાં ઈચ્છા કહે અને વસ્તુ સામે આવી જાય...

રૂપ હોય કે સ્વાસ્થ્ય... સત્તા હોય કે સંપત્તિ... એની જ જીત...

ગમે તેટલા અવળા પાસા નાંખે સવળા જ પડે...

આ બધી કરામત છે પુણ્યકર્મની... પુણ્ય તત્વની... શુભકમૃની...

ચાલો ! આવું પુણ્ય કેમ બંધાય અને કેમ ભોગવાય એની સુંદરતમ વિચારણા આજે આપણે કરવી છે.

જે કાંઇ સારું છે... અનુકુળ છે... તે શુભકર્મની દેન છે.. તે પુણ્ય છે.

પુણ્ય સુંદરતાથી સમજાઇ જાય તો પાપના ચક્કર અટકી જાય. પુણ્યના ફેરા ફરવામાં ક્યાંય કોઇ વાંધો આવતો નથી. પુણ્યથી પુણ્યની વૃદ્ધિ કરી મળેલા માનવ જીવનને સફળ બનાવી દઇએ.

**साउच्च गोअ मणुदुग,**
**सुर दुग पंचिंदिजाइ पण देहा ।**
**आइति तणुणुवंगा,**
**आइम संघयण संठाणा ।।१५।।**

શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, મનુષ્યદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, પહેલા ત્રણ શરીરના ઉપાંગ, પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન.

શુભ કર્મોનો બંધ તે પુણ્ય છે. પુણ્યના કારણરૂપ ૪૨ શુભ કર્મો બંધાય છે. તેની અહિં ગણત્રી કરવામાં આવી છે. આ શુભ કર્મોના ઉદયથી અનુકુળતાની પ્રાપ્તિ થાય છે તેથી પુણ્ય ભોગવાય છે. ૪૨ શુભ કર્મો નીચે પ્રમાણે છે.–

**૧. શાતાવેદનીય કર્મ :** સુખનો અનુભવ કરાવે છે.

**૨. ઉચ્ચ ગોત્ર કર્મ :** ઉચ્ચ કુળ જાતિમાં જન્મ અપાવે છે.

**૩.મનુષ્યગતિ નામકર્મ :** મનુષ્યગતિ અપાવે છે.

**૪. મનુષ્યાનુપૂર્વી નામકર્મ :** મનુષ્યગતિ તરફ લઇ (ખેંચી) જાય છે.

**૫. દેવગતિ નામકર્મ :** દેવગતિ અપાવે છે.

**૬. દેવાનુપૂર્વી નામકર્મ :** દેવગતિ તરફ લઇ (ખેંચી) જાય છે.

**૭. પંચેન્દ્રિય જાતિ નામકર્મ :** પાંચ ઈન્દ્રિયની જાતિ અપાવે છે.

**૮. ઔદારિક શરીર નામકર્મ :** ઔદારિક શરીર અપાવે છે.

**૯. વૈક્રિય શરીર નામકર્મ :** વૈક્રિય શરીર અપાવે છે.

**૧૦. અહાર શરીર નામકર્મ :** આહારક શરીર અપાવે

છે.

**૧૧. તૈજસ શરીર નામકર્મ :** તેજસ શરીર અપાવે છે.

**૧૨. કાર્મણ શરીર નામકર્મ :** કાર્મણ શરીર અપાવે.

**૧૩. ઔદારિક અંગોપાંગ નામકર્મ :** ઔદારિક શરીરમાં અંગોપાંગ અપાવે છે.

**૧૪. વૈક્રિય અંગોપાંગ નામકર્મ :** વૈક્રિય શરીરમાં અંગોપાંગ અપાવે છે.

**૧૫. આહારક અંગોપાંગ નામકર્મ :** આહારક શરીરમાં અંગોપાંગ અપાવે છે.

**૧૬. વજ્રઋષભ નારાચ સંહનન નામકર્મ :** હાડકાનો મજબૂતમાં મજબૂત બાંધો અપાવે છે.

**૧૭. સમચતુરસ્ત્ર સંસ્થાન નામકર્મ :** શરીરનો ઉત્તમમાં ઉત્તમ સર્વશ્રેષ્ઠ આકાર અપાવે છે.

પુણ્ય ભોગવાય છે ૪૨ પ્રકારે પરંતુ બંધાય છે ૯ પ્રકારે. પુણ્ય બંધના નવ પ્રકાર આ પ્રમાણે છે :

૧. સુયોગ્ય પાત્રમાં અન્નદાન કરવાથી.

૨. સુયોગ્ય પાત્રમાં પાન(પાણી)દાન આપવાથી.

૩. સુયોગ્ય પાત્રને સ્થાનદાન કરવાથી.

૪. સુયોગ્ય પાત્રને શયન (સુવાના સાધન) દાન કરવાથી.

૫. સુયોગ્ય પાત્રને વસ્ત્રદાન કરવાથી.

૬. મનમાં શુભ વિચારણા-ચિંતન કરવાથી.

૭. વચનનો શુભ વ્યાપાર-વ્યવહાર કરવાથી.

૮. કાયાનો શુભ વ્યાપાર-વ્યવહાર કરવાથી અને

૯. દેવ-ગુરુ-ઉપકારી-વડિલોને નમસ્કાર કરવાથી.

જો આપણને સુખ જોઇતું હોય તો પુણ્યનો બંધ અતિ આવશ્યક બની જાય છે. પુણ્યના બંધનો પ્રારંભ દાનથી થાય છે. દાન એ ધર્મનું પહેલું પગથિયું છે. સુખી થવું છે ? તો તમારી સંપત્તિનો સદુપયોગ કરતાં શીખવું પડશે.

પુણ્યથી મળી ગયેલા મન-વચન અને કાયાનો શુભ ઉપયોગ કરતાં શિખવું જ પડશે. કાયાને પ્રભુ દર્શન, પૂજા, દાન પરોપકારમાં જોડવી પડશે. વાણીનો સદુપયોગ કરી પ્રભુ સ્તુતિ-સ્તવના ભક્તિમાં એને જોડવી પડશે. મનના અશુભ વિચારોને દૂર કરી શુભ સંકલ્પમય શુભ ચિંતન-મનન-અનુપ્રેક્ષામાં જોડાઇ જવું પડશે. એનાથી પુણ્યના ભંડાર ભરપૂર બનશે.

દેવ-ગુરુને નમસ્કાર કરી એમના ગુણોની અનુમોદના અને એવા મહાન ગુણોની પ્રાપ્તિ માટે પ્રાર્થના આવશ્યક બની જાય છે.

પુણ્યબંધના નવેનવ સ્થાનોને જીવનમાં સ્થાન આપી પુણ્ય કમાવવા પ્રયત્નશીલ બનીશું તો વર્તમાન આરાધનામય અને ભાવિ સુખમય બન્યા વગર નહીં રહે. આદરો પુરુષાર્થ... મેળવો સિદ્ધિ...

**वण्ण चउक्का गुरुलहु,**
**परघा उसास आय तुज्जोअं ।**
**सुभ खगइ निमिण तसदअ,**
**सुर नर तिरिआउ तित्थयरं ।।१६।।**

વર્ણચતુષ્ક, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, શુભવિહાયોગતિ, નિર્માણ, ત્રસદશક, દેવનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય અને તિર્યંચનું આયુષ્ય અને તીર્થંકર પણું.

આગળની ગાથામાં આપણે પુણ્યતત્વના ૧૭ ભેદોનો વિચાર કર્યો આ ગાથામાં આગળની પુણ્ય પ્રકૃતિઓની વિચારણા કરીશું.

**૧૮. શુભ વર્ણ :** શ્વેત, રક્ત અને પીત આ ત્રણ શુભ વર્ણ છે.

**૧૯. શુભ ગંધ :** સુગંધ અથવા સુરભિગંધ તે શુભગંધ છે.

**૨૦. શુભ રસ :** આમ્લ, મધુર અને કષાય રસ આ ત્રણ શુભ રસ છે.

**૨૧. શુભ સ્પર્શ :** લઘુ, મૃદુ, ઉષ્ણ અને સ્નિગ્ધ એ ચાર શુભ સ્પર્શ છે. પુણ્યના ઉદયથી શુભવર્ણાદિ યુક્ત શરીરની પ્રાપ્તિ થાય છે.

**૨૨. અગુરુલઘુ નામ કર્મ :** જીવને પોતાનું શરીર ભારે હલકું ન લાગવા દે.

**૨૩. પરાઘાત નામકર્મ :** જીવને એવું પ્રભાવશાળી પણું અપાવે કે એના દર્શન અથવા

વાણીમાત્રથી બળવાન માણસ પણ ક્ષોભ પામી જાય... કાંઇજ બોલી ન શકે.

**૨૪. શ્વાસોશ્વાસ નામકર્મ :** જીવને સુખે સુખે શ્વાસ લેવાની લબ્ધિ અપાવે છે.

**૨૫. આતપ નામકર્મ :** જીવનું શરીર અનુષ્ણ હોય છતાં ઉષ્ણ પ્રકાશને આપવાની શક્તિ આતપ નામકર્મથી પ્રાપ્ત થાય છે.

**૨૬. ઉદ્યોત નામકર્મ :** જીવનું શરીર અનુષ્ણ હોય અને શીતલ પ્રકાશને ફેલાવે છે.

**૨૭. શુભવિહાયોગતિ નામકર્મ :** બીજાને પ્રિય લાગે એવી ચાલવાની સુલક્ષણી રીત આપે છે.

**૨૮. નિર્માણ નામકર્મ :** અંગ, ઉપાંગ, અને અંગોપાંગની નિયત સ્થાને રચના આ કર્મથી પ્રાપ્ત થાય છે.

ત્રસ દશકનું વિવેચન ૧૭મી ગાથામાં આપવામાં આવ્યું છે.

**૨૯. દેવાયુકર્મ :** પોતાના શરીરની સ્વાભાવિક કાંતિથી દીપે તે દેવ. દેવગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે દેવાયુ કર્મ.

**૩૦. મનુષ્યાયુ કર્મ :** વસ્તુસ્થિતિને યથાર્થ સમજી શકે તે મનુષ્ય. મનુષ્યગતિના કોઇપણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે મનુષ્યાયુ કર્મ.

**૩૧. તિર્યંચાયુ કર્મ :** તિર્છા ચાલે તે તિર્યંચ. તિર્યંચગતિના કોઇપણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે તિર્યંચાયુ કર્મ.

**૩૨. તીર્થંકર નામ કર્મ :** આ કર્મોદયથી આઠ પ્રતિહાર્યાદિ અતિશયોની પ્રાપ્તિ થાય છે, ત્રણ ભુવનને પૂજ્ય બને છે. અને પૂજનીય ધર્મતીર્થ પ્રવર્તાવે છે.

**तस बायर पज्जत्तं,**

**पत्तेअथिरं सुभं च सुभगं च ।**

**सुस्सर, आइज्ज जसं,**

**तसाइ दसगं इम होइ ।।१७।।**

ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય અને યશ આ ત્રસ દશક છે.

**૩૩. ત્રસ નામકર્મ**ના ઉદયથી જીવો બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય થાય છે. (સ્વ. ઇચ્છાથી હલનચલન કરનારા થાય છે)

**૩૪. બાદર નામકર્મ**ના ઉદયથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે. (ઘણા, સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભેગા થતાં પણ જોઇ શકાય છે.)

**૩૫. પર્યાપ્ત નામકર્મ**ના ઉદયથી જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પુરી કરવામાં સમર્થ થાય છે.

**૩૬. પ્રત્યેક નામકર્મ**નાઉદયથી પ્રત્યેક (જીવવાર ભિન્ન ભિન્ન) શરીરની પ્રાપ્તિ થાય છે.

**૩૭. સ્થિર નામકર્મ**ના ઉદયથી શરીરમાં સ્થિર અયવયોવની પ્રાપ્તિ થાય છે. દા. ત. દાંત, હાડકા વગેરે.

**૩૮. શુભ નામકર્મ**ના ઉદયથી નાભિ ઉપરના મસ્તકાદિ શુભ અવયવોની પ્રાપ્તિ થાય છે.

**૩૯. સૌભાગ્ય નામકર્મ**ના ઉદયથી બીજા ઉપર ઉપકાર ન કરવા છતાં સહુને વહાલો લાગે છે.

**૪૦. સુસ્વર નામકર્મ**ના ઉદયથી જીવ મીઠા–મધુરા–સુખકર આવાજવાળો થાય છે.

**૪૧. આદેય નામકર્મ**ના ઉદયથી જીવ સહુને માન્ય વચનવાળો થાય છે.

**૪૨. યશ નામકર્મ**ના ઉદયથી જીવ યશ અને કિર્તીવાળો થાય છે.

આ દસ કર્મનો સમુહ ત્રસ દસક કહેવાય છે. આ દસ કર્મ શુભ છે તેથી તેનો સમાવેશ પુણ્યતત્વમાં થાય છે.

તેથી પુણ્ય–તત્વમાં કુલ ૪૨ શુભ કર્મ પ્રકૃતિઓનો સમાવેશ થાય છે.

# તીર્થંકરોની જીવન યાત્રા

**(શ્રી ચંદ્રપ્રભસ્વામી ભ. થી શ્રી ધર્મનાથ ભ. સુધી)**

**અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.**

## શ્રી ચંદ્રપ્રભસ્વામી

શ્રી ચંદ્રપ્રભ ભગવાન આગલા ત્રીજા ભવમાં ઘાતકી ખંડના મહાવિદેહમાં પદ્મ નામે રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી, દીક્ષા લઇ, વીશ-સ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી વૈજયંત વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચંદ્રપુરિમાં મહાસેન રાજાની લક્ષ્મણા રાણીના ઉદરમાં ફાગણ વદિ પાંચમે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત માગસર વદિ બારસે જન્મ્યા. શ્વૈતવર્ણ વાળા, ચંદ્રલાંછનવાળા, અને દોઢસો ધનુષની ઉંચાઇવાળા પ્રભુ અઢી લાખ પૂર્વ કુમારપણે, સાડા છ લાખ ચોવીશ પૂર્વ રાજાપણે રહી, સાંવત્સરિક દાન આપી, માગસર વદિ તેરસે એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, ત્રણમાસ છદ્મસ્થ રહી મહા વદિ સાતમે ચંદ્રપુરીમાં કેવળજ્ઞાન પામ્યા. અનેક ભવ્યાત્માઓને તારી, ચોવીશ પૂર્વ ઓછા એવા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, દશ લાખ પૂર્વનું સર્વ આયુષ્ય ભોગવી, સમેતશિખર ઉપર એક હજાર મુનિઓ સાથે માસિક અનશન કરી, શ્રાવણ વદિ સામતે મોક્ષે ગયા. એ પ્રભુને દત્ત આદિ ત્રાણુ ગણધરો સહિત અઢી લાખ સાધુઓ, ત્રણ લાખ એંશી હજાર સાધ્વીઓ, અઢી લાખ શ્રાવકો અને ચાર લાખ એકાણુ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક વિજય યક્ષ અને ભ્રકુટી યક્ષિણી હતાં.

## શ્રી સુવિધિનાથ

શ્રી સુવિધિનાથ પ્રભુ આગલા ત્રીજા ભવે પુષ્કરદ્વીપના મહાવિદેહમાં મહાપદ્મ રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામીદીક્ષા ગ્રહણ કરી એકાવલી આદિ અનેક તપ કરી. તીર્થંકર નામ કર્મ બાંધી વૈજયંત વિમાનમાં દેવા થયા, ત્યાંથી કાકંદી નગરીના સુગ્રીવ રાજાની રામારાણીના ઉદરમાં મહા વદિ નવમીના આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ કારતક વદિ પાંચમે જન્મ્યા. મગરમત્સ્ય લાંછનવાળા, શ્વેતવર્ણવાળા, એકસો ધનુષની ઉંચાઇવાળા પ્રભુ પચાસ હજાર પૂર્વ વર્ષ કુમારપણે રહી, પચાસ હજાર પૂર્વ અને અઠ્યાવીશ પૂર્વાંગ રાજ્ય પાળી, સાંવત્સરિક દાન આપી, કારતક વદિ છટ્ઠના એક હજાર રાજાઓ સાથે દિક્ષા લઇ, ચાર માસ છદ્મસ્થ રહી કાર્તિક શુદિ ત્રીજના પ્રભુ કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્માઓને તારી. અઠ્યવીશ પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, બે લાખ પૂર્વનું સર્વ આયુષ્ય ભોગવી, અંતે સમેતશિખર ઉપર જઇ એક હજાર મુનિઓ સાથે માસિક અનશન કરી, ભાદરવા સુદિ નવમીના પ્રભુ મોક્ષે ગયા. એ પ્રભુને વરાહઆદિ અઠ્યાવીશ ગણધરો સહિત બેલાખ સાધુઓ, વારુણી આદિ એક લાખ વીશ હજાર સાદ્વીઓ, બે લાખ ઓગણત્રીસ હજાર શ્રાવકો, અને ચાર લાખ એકોતેર હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસનરક્ષક અજિત યક્ષ અને સુતારકા યક્ષિણી હતાં.

## શ્રી શીતલનાથ

શ્રી શીતલનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં પુષ્કરદ્વીપના મહાવિદેહમાં પદ્મોત્તર રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી, ચારિત્ર લઇ વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી, દશમાં દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ભદ્દિલપુરમાં દ્રઢરથરાજાની

નંદારાણીના ઉદરમાં વૈશાખ શુદિ છઠ્ઠના આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ પોષ વદિ બારસે જન્મ્યા. શ્રીવત્સ લાંછનવાળા, સુર્વણકાંતિવાળા, નેવું ધનુષ ઉંચાઇવાળા પ્રભુ પચીશ હજાર પૂર્વ કુમાર પણે, પચાસ હજાર પૂર્વ રાજા ણે રહી, સાંવત્સરિક દાન આપી, પોષ વદિ બારસે એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, ત્રણ માસ છદ્મસ્થ રહી માગસર વદિ ચૌદસે ભદ્દિલપુરમાં કેવળજ્ઞાન પામી, ઘણા ભવ્યાત્માઓને તારી, પચ્ચીસ હજાર પૂર્વ દીક્ષા પાળી, એક લાખ પૂર્વ સર્વ આયુષ્ય ભોગવી, સમેતશિખર ઉપર એક હજાર મુનિઓ સાથે માસિક અનશન કરી, ચૈત્ર વદિ બીજના મોક્ષે ગયા. એ પ્રભુને નંદ આદિ એક્યાશી ગણધરો સહિત એક લાખ સાધુઓ સુયશા આદિ એક લાખ છ હજાર સાધ્વીઓ, બે લાખ ને બ્યાશી હજાર શ્રાવકો, ચાર લાખ અઠ્ઠાવન હજાર  શ્રાવિકાઓ અટલો પરિવાર હતો. શાસન રક્ષક બ્રહ્મ યક્ષ અને અશોકા યક્ષિણી હતાં.

## શ્રી શ્રેયાંસનાથ

શ્રી શ્રેયાંસનાથ પ્રભુ આગલા  ત્રીજા ભવમાં પુષ્કરદ્વીપના મહાવિદેહમાં નલીનગુલ્મ રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી, દીક્ષા લઇ, વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી, સાતમા દેવલોકમાં દેવ થયા, ત્યાંથી સિંહપુરમાં વિષ્ણુ રાજાની વિષ્ણુરાણીના ઉદરમાં વૈશાખ વદિ છઠઠ્ના આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત મહા વદિ બારસના જન્મ્યા. ગેંડાના લાંછનવાળા, સુવર્ણકાંતિવાળા, એંશી ધનુષ ઉંચાળવાળા, પ્રભુ એકવીશ લાખ વર્ષ કુમરપણે, બેંતાલીશ લાખ વર્ષ રાજા પણે રહી, સાંવત્સરિક દાન આપી, મહા વદિ તેરસે એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, બે માસ છદ્મસ્થ રહી, પોષ વદિ અમાવાસ્યાના કેવળજ્ઞાન પામ્યા. પછી ઘણા ભવ્યાત્માઓને તારી, એકવીશ લાખ વર્ષ દીક્ષા પાળી, ચોર્યાશી લાખ વર્ષનું સર્વ આયુષ્ય ભોગવી અંતે સમેતશિખર ઉપર એક હજાર મુનિઓની સાથે એક માસનું અનશન કરી આષાઢ વદિ ત્રીજે મોક્ષે ગયા. એ પ્રભુને ગોશુભ આદિ છોંતેર ગણધરો સહિત ચોર્યાશી હજાર સાધુઓ, ધારિણી આદિ એક લાખ ત્રણ હજાર સાધ્વીઓ, બે લાખ ઓગણાએંશી હજાર શ્રાવકો, અને ચાર લાખ અડતાલીસ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો, શાસન રક્ષક મનુજ યક્ષ અને માનવી યક્ષિણી હતાં. એ પ્રભુના શાસનમાં પહેલો અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ, ત્રિપુષ્ટ વાસુદેવ અને અચલ બળદેવ થયા છે.

## શ્રી વાસુપૂજ્યસ્વામી

શ્રી વાસુપૂજય પ્રભુ આગલા ત્રીજા ભવે પુષ્કરાદ્ધીપના મહાવિદેહમાં પદ્મોત્તર રાજા હતા. ત્યાં સમ્યક્ત્વ પામી, દીક્ષા લઇ વીશસ્થાનક આરાધી, તીર્થંકર નામ કર્મ બાંધી દશમાં દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચંપાપુરીમાં વસુપૂજ્ય રાજાની જયારાણીના ઉદરમાં જેઠ શુદિ નવમીના આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ મહા વદિ ચૌદસે જન્મ્યા. મહિષ લાંછનવાળા, રાતાવર્ણવાળા, સિત્તેર ધનુષની ઉંચાઇવાળા પ્રભુ અઢાર લાખ વર્ષ કુમારપણે રહી, મહા વદિ અમાવસ્યા દિને છસો રાજાઓ સાથે દીક્ષા લઇ અને એક માસ છદ્મસ્થ રહી ચંપાપુરીમાં મહા સુદિ બીજે કેવળજ્ઞાન પામ્યા. અનેક ભવ્યાત્માઓને તારી, ચોપન લાખ વર્ષ દીક્ષા પાળી, બોંતેર લાખ વર્ષનું સર્વ આયુષ્ય ભોગવી, આસાઢ શુદિ ચૌદસે છસો મુનિઓ સાથે માસિક અનસન કરી ચંપાપુરીમાં મોક્ષે ગયા. એ પ્રભુને સુક્ષ્મ આદિ છાસઠ ગણધરો સહિત બોતેર હજાર સાધુઓ, એક લાખ સાધ્વીઓ, બે લાખ પંદર હજાર શ્રાવકો, અને ચાર લાખ છત્રીશ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસનરક્ષક કુમારયક્ષ અને

ચંડાદેવી યક્ષિણી હતાં. એ પ્રભુના શાસનમાં બીજા પ્રતિવાસુદેવ તારક, વાસુદેવદ્વિપુષ્ટ, અને વિજય બળદેવ થયા,

## શ્રી વિમલનાથ

શ્રી વિમલનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં ધાતકી ખંડ મહાવિદેહમાં પદ્મસેન રાજા હતા ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ, વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી આઠમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી કાંપિલ્યપુરમાં કૃતવર્મા રાજાની શ્યામારાણીના ઉદરમાં વૈશાખ શુદિ બારસે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ મહા શુદિ ત્રીજે જન્મ્યા. ડુક્કર લાંછનવાળા, સુવર્ણકાંતિવાળા, સાઠ ધનુષની ઉંચાઇવાળા પ્રભુ પંદર લાખ વર્ષ કુમારપણે, ત્રીશ લાખ વર્ષ રાજાપણે રહી, સાંવત્સરિક દાન આપી મહા શુદિ ચોથે એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, બે વર્ષ છદ્મસ્થ રહી પોષ શુદિ છટ્ઠે કાંપિલ્યપુરીમાં કેવળજ્ઞાન પામ્યા, અને ભવ્ય આત્માઓને તારી, પંદર લાખ વર્ષ દીક્ષા પાળી, સાઠ લાખ વર્ષ સર્વ આયુષ્ય ભોગવી, અંતે સમેતશિખર ઉપર છ હજાર રાજાઓની સાથે એક માસનું અનસન કરી જેઠ વદિ સાતમના મોક્ષે ગયા. પ્રભુને મંદર વગેરે સત્તાવન ગણધરો સહિત અડસઠ હજાર સાધુઓ, એક લાખ અને આઠસો સાધ્વીઓ, બે લાખ ને આઠ હજાર શ્રાવકો, અને ચાર લાખ ચોત્રીશહજાર શ્રાવિકાઓ, એટલો પરિવાર હતો. શાસન રક્ષક ષણમુખયક્ષ અને વિદિતા યક્ષિણી હતાં. એમના શાસનમાં ત્રીજા મેરક નામે પ્રતિવાસુદેવ. સ્વયંભૂ વાસુદેવ, અને ભદ્ર નામે બળદેવ થયા છે.

## શ્રી અનંતનાથ

શ્રી અનંતનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં ધાતકીખંડ મહાવિદેહમાં પદ્મરથરાજા હતા. ત્યાં સમ્યક્ત્વ પામ્યા, અને દીક્ષા લઇ વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી દશમા દેવલોકમાં દેવ થયા, ત્યાંથી અયોધ્યાપુરીમાં સિંહસેન રાજાની સુયશારાણીના ઉદરમાં આષાઢ વદિ સાતમે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ ચૈત્ર વદિ તેરસના જન્મ્યા. સિંચાણાના લાંછનવાળા, સુવર્ણવર્ણવાળા, પચાસ ધનુષ્ય ઉંચાઇવાળા પ્રભુ સાડા સાતલાખ વર્ષ કુમારપણે, પંદરલાખ વર્ષ રાજાપણ રહી, સાંવત્સરિક દાન આપી, વૈશાખ શુદિ ચૌદસે એક હજાર રાજાઓની સાથે દીક્ષા લઇ, ત્રણ વર્ષ છદ્મસ્થ રહી, ચૈત્ર વદિ ચૌદસે અયોધ્યામાં કેવળજ્ઞાન પામી ઘણા જીવોને તારીને સાડા સાત લાખ વર્ષ ચારિત્ર પાળી, ત્રીશ લાખ વર્ષનું સર્વ આયુષ્ય ભોગવી અંતે સમેતિશિખર ઉપર સાત હજાર મુનિઓની સાથે માસિક અનશન કરી ચૈત્ર શુદિ પાંચમે મોક્ષે ગયા. પ્રભુને યશ આદિ પચાસ ગણધરો સહિત છાસઠ હજાર સાધુઓ, બાસઠ હજાર સાધ્વીઓ, બે લાખ છ હજાર શ્રાવકો, અને ચાર લાખ ચૌદ હજાર શ્રાવિકાઓ, એટલો પરિવાર હતો. શાસન રક્ષક પાતાલ યક્ષ અને અંકુશા યક્ષિણી હતાં. પ્રભુના શાસનમાં ચોથા મધુનામે પ્રતિવાસુદેવ, પુરુષોત્તમ વાસુદેવ અને સુપ્રભ બળદેવ થયા છે.

## શ્રી ધર્મનાથ

શ્રી ધર્મનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં જંબૂ મહાવિદેહમાં દઢરથ રાજા હતા. ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ, વીશસ્થાનક આરાધી તીર્થંકરનામ કર્મ બાંધી વૈજયંત વિમાનમાં દેવ થયા. ત્યાંથી રત્નપુરીમાં ભાનુરાજાની સુવ્રતારાણીના ઉદરમાં વૈશાખ શુદ સાતમે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ મહા શુદિ ત્રીજના જન્મ્યા. વજ્રલાંછનવાળા, સુવર્ણવર્ણવાળા, પીસ્તાળીશ ધનુષ્યની

અનુસંધાન પેજ-૧૪